નવવર્ધિત પેન્શન યોજનાના હિસાબોમાં ક્ષતિઓ
રહેવા બાબત.

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક :- હિતિનિ / ટીસી/ ન.વ.પે.યો./૩૦૦૧(૪)/ ૫૦૨૯-૫૫
તારીખ :- ૭-૦૮-૨૦૦૮

**:: પરિપત્ર - ૧૪ / ૨૦૦૮ ::**

આથી પગાર અને હિસાબ અધિકારીશ્રી અમદાવાદ-ગાંધીનગર તથા તમામ શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીઓશ્રી અને તમામ પેટા તિજોરી અધિકારીઓશ્રીનું પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી, ગાંધીનગરના તા.૧૯/૮/૦૬ના પરિપત્ર તરફ અંગત ધ્યાન દોરતાં જણાવવાનું કે, તા.૧/૪/૦૫ કે ત્યાર બાદ સરકારમાં જોડાયેલ કર્મચારીઓના પગારમાંથી નવવર્ધિત પેન્શન યોજના હેઠળના ફાળાની કપાતના મોકલાતા હિસાબોમાં ક્ષતિઓ રહેવાના કારણે કર્મચારી ફાળો સમયસર કર્મચારીઓના ખાતામાં જમા ન થતાં અનપોસ્ટેડ રકમ તરીકે પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે રાખવો પડે છે. જે બનવા ન પામે તે માટે નીચે મુજબની સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

- નવ વર્ધિત પેન્શન યોજનાને પાત્ર કર્મચારીઓના પગાર બીલો સાથેના શીડયુલમાં નામ, નંબર ન હોય અને ફાળાની કપાત ૧૦ ટકા કરતાં વધારે રહેલ હોય તેવા બીલો પાસ ન કરવા.
- હિસાબો સાથે તમામ વિગતો સાથેનું શીડયુલ સામેલ રાખવું.
- સાદા કાગળમાં કપાત કરીને હિસાબો મોકલવાના બદલે નાણાં વિભાગના તા.૬/૬/૦૫ મુજબના પરિશિષ્ટ-૩ માં જ હિસાબો મોકલવા.
- ચલણથી ભરાતી રકમમાં કયા માસની કપાત, કર્મચારીનું નામ, ફાળવેલ ખાતા નંબર અવશ્ય દર્શાવવા બાબતે તમામ ઉપાડ અધિકારીશ્રીને જાણ કરવી. તેમજ અધૂરી વિગતો હોય તો જે તે કચેરી પાસેથી મેળવીને ૧૨ તારીખ સુધીમાં પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી, ગાંધીનગરને મોકલી આપવી.
- ખાતા નંબરની ફાળવણી થયા પછી બાકી ફાળાની કપાત ચાલુ થતાં તાલુકા પંચાયતો દ્વારા ચલણથી ભરાતી રકમ સાથે કપાતનું શીડયુલ નિયત નમુનામાં સામેલ ન હોય તો મેળવીને હિસાબો સાથે મોકલવું
- ઉકત બાબતો સિવાય પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી, ગાંધીનગરના તા.૧૯/૮/૦૬ના પરિપત્રમાં અપાયેલ સૂચનાઓ ચુસ્ત પણે અમલ કરવો.

નિયામક 7/8/08

**નકલ રવાના પ્રતિ,**

૧) શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારી......... (તમામ)/ પેટા તિજોરી અધિકારી.........(તમામ) તરફ જરૂરી અમલ સારૂ
૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર તરફ જરૂરી અમલ સારૂ
૩) નિધી નિરિક્ષણ અધિકારીશ્રી, હિતિનિ કચેરી, ગાંધીનગર
૪) સંયકત નિયામકશ્રી, ડી.પી.પી. એફ. કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ